<u>ક્રિમી.પ.અ.નં.૨૧૮૪/૨૦૨૨</u>

**આરોપી મોહંમદ હસન અસલમ કલીવાલા FILE NO.DCST/ENF 08/ SURAT/AC-1/HASAN KALLIWALA/58-2021-22 ના કામે જામીન અરજી લગત હુકમ**

---

**૧.** આ કામે હાલની અરજી આપી આરોપીપક્ષ તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીને તા. ૧૭/૦૪/૨૨ નારોજ અટક કરી કરવામાં આવેલ હતા અને ત્યારબાદ આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે. વધુમાં તેઓની રજુઆત છે કે, આ કામે મે.એચ.કે મેટલ્સ તથા મે.બ્લુ સ્ટાર ટ્રેડીગ કં.ના માલિક આરોપીના માતા શબાનાબેન અસલમભાઈ તથા પિતા અસલમભાઈ કલીવાલા છે. અને તે બંને પેઢીનો વહીવટ આરોપી કરતા હતા . આ કામે અગાઉ આરોપી સામે ક્રિ.કેસ નં.૧૨૧૦૧૫/૨૧ થી ઈ.પી.કો.કલમ ૧૭૪, ૧૭૫ નો ગુનો દાખલ કરવામાં આવેલ હતો. વધુમાં આરોપીની રજુઆત છે કે, આ કામે આરોપીને અટક કરવા માટેનું ઓથોરાઈઝેશન એડીશ્નલ કમિશ્નરશ્રીએ ઈસ્યુ કરેલ છે. પરંતુ કાયદા અનુસાર આવા પાવર્સ માત્ર કમિશ્નરને જ રહેલા છે. જેથી આ રીતે કમિશ્નરશ્રી આવા પાવર્સની સોંપણી કરી શકતા નથી અને જેથી માત્ર તે કારણસર જ આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, આ કામે સહ આરોપી તેઓના માતાપિતા હતા અને તેઓને નામદાર હાઈકોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલા છે. જેથી પણ તેઓને જામીન મુકત કરવા જોઈએ. વધુમાં અરજીના પેરા ૩૮ માં સેકશન ૨૯(૩) ગુજરાત જી.એસ.ટી. એકટ ૨૦૧૭ કેન્સેલેશન રજીસ્ટ્રેશન મુજબ જામીન મુકત કરવા વિનંતી કરેલ છે. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે જેથી જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓએ નીચે મુજબના જજમેન્ટો ટાંકી તેની ઉપર આધાર રાખી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

1. Radha Krishan Industries Vs State of Himachal Pradesh 2021 (48) G.S.T.L. 113(S.C.)
2. Fakhrey Alam vs State of Uttar Pradesh 2021 SC 532
3. M.Ravindran Vs Intelligence Officer, Directorate of Revenue Intelligence (2021) 2 SCC 485
4. Anilbhai Jayantibhai Bhut vs State Gujarat Cri.Misc. Application 23529/2018
5. Basant Pherumal Makhija vs State of Gujarat 2021(49) G.S.T.L.227(Guj.)
6. Afjal Sadikali Savjani Vs. State of Gujarat Cri.Misc. Application 1722/2022
7. Mahmad abbas Rafikali Meghani vs. State of Gujarat Cri.Misc. Application 72/2022
8. Arneshkumar vs State of Bihar in (2014) 8 SCC 273
10. VishalKumar Shayamjibhai Chauhan Vs State of Gujarat 2018(1)GLH 433
11. Sanjay Chandra vs Central Bureau of Investigation(2012)1 SCC 40,
12. Gurucharansingh & others V/s State reported in (1978) 1 SCC 118
13. Jignesh Kishorbhai Bhajiyawala V/s State of Gujarat. 2018 (2) GLH 61
14. D.K. Shivkumar V/s Directorate of Enforcement 2020(371)E.L.T. 40 (Del.)
15. P. Chidambaram V/s Directorate of Enforcement (2020)13 SCC 791

૨. ફરીયાદપક્ષે એફીડેવીટ ઈન રીપ્લાય રજુ કરેલ છે અને આરોપી સામે હાલની અરજીનો વિરોધ કરવામાં આવેલ છે અને મુખ્યત્વે રજુઆત કરેલ છે કે આરોપી સામે ઘણો જ ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ છે. અને આરોપીએ ગુનામાં સક્રિય ભુમિકા ભજવેલ હોય જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. વધુમાં આરોપીની તપાસ દરમ્યાન તેઓના રીર્ટન જોતાં તેઓએ રુ.૮૩ કરોડના ક્રેડીટ ટ્રાન્ઝેકશન કરેલ હતા જયારે બેંક એકાઉન્ટન્ટમાં રુ.૧૪૩ કરોડના વ્યવહારો હતા. આમ ઘણી મોટી રકમનો ડીફરન્સ આવે છે. વધુમાં મે. સલામ મેટલ્સ એલએલપીની તપાસ કરતા એક કન્ટેનર મળી આવેલું જેમાં ઘણા વાંધાજનક દસ્તાવેજો તપાસ કરનારે કબજે કરેલ છે અને જેમાં આરોપી વિરુધ્ધનો પુરાવો મળી આવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, આરોપીના પિતાના નામે મે. સિવાય ઈન્ડસ્ટ્રીઝ નું રજીસ્ટ્રેશન થયેલ હતું જેમાં કુલ રુ.૨૪૧.૭૫ કરોડ રુપિયા કેન્સલ ડીલરો પાસેથી બીલો મેળવેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આ કામે મની ટ્રેલની તપાસ હજુ બાકીમાં છે. તેમજ ઘણા સાહેદોના નિવેદનો લેવાની પ્રક્રિયા ચાલુ છે. તેમજ બેંકના વ્યવહારોની પ્રક્રિયા પણ બાકી છે જેથી તે કારણસર જામીન ન આપવા વિનંતી કરેલ છે. વધુમાં આ કામે ૨૦ બોગસ પેઢીઓની તપાસ થઈ શકેલ છે અને હજુ પણ ૨૦૩ પેઢીઓની તપાસ ચાલુમાં છે જે પણ ધ્યાને લેવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, આરોપીએ તપાસમાં સહકાર આપેલ નથી અને તેઓ સામે ઈ.પી.કો.કલમ–૧૭૪, ૧૭૫ મુજબનો કેસ પણ દાખલ કરવામાં આવેલ હતો. પરંતુ આરોપી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર દેશ છોડીને ભાગી જતા પકડાયેલ હોય તે કારણથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ Laws(sc)2013 5 37 Nimmagadda Prasad v/s Central Bureau of investigation નું જજમેન્ટ ટાંકેલ છે જેને ધ્યાને લઈ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૩. આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી પોતાની મૌખિક દલીલો કરેલ છે જેમાં મહૃદઅંશે તેઓએ રજુઆત કરેલ છે કે, મે.એચ.કે મેટલ્સ તથા મે.બ્લુ સ્ટાર ટ્રેડીગ કં.ના

માલિક આરોપી નથી પરંતુ આરોપીના માતા શબાનાબેન અસલમભાઈ તથા પિતા અસલમભાઈ કલીવાલા છે. અને બંને પેઢીના સપ્લાયર બોગસ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે જે કામે તમામ સપ્લાયરો નોંધાયેલ છે. વળી આ કામે આરોપીની અટક કાયદેસરની ન હોય તે કારણસર પણ આરોપીને જામીન મુકત કરવા જોઈએ. તેમજ આરોપીને કોઈ શો કોઝ નોટીસ આપેલ નથી અને એડજયુડીકેશન પણ બાકી છે જેથી માત્ર મદદગારી પુરતો આક્ષેપ માનવો જોઈએ. તે ઉપરાંત સદર બંને પેઢીના માલિક આરોપીના માતાપિતા છે અને તેઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલ છે જેથી પેરીટીનો લાભ હાલ ના આરોપીને મળવો જોઈએ. વળી આ પ્રકારના ગુનાના આરોપી અનીલ જયંતીભાઈ ભુત, બસંત માખીજા, અફઝલ સવજાણી તેમજ મો.અબ્બાસ મેઘાણીનાઓને નામદાર હાઈકોર્ટે જામીન મુકત કરેલ છે. તેમજ આરોપી અઅફઝલ સવજાણીનાઓનું ૬૬૦ કરોડનું ટેક્ષ ઈવેઝન હતું જેમાંથી રુ. એક કરોડ ભર્યેથી નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલ હતા. તે ઉપરાંત મો. અબ્બાસ મેઘાણીનાઓએ રુ. એક કરોડ જમા કરાવ્યેથી , ઈરફાન કોઠીનાઓએ રુ.૧.૫૦ કરોડ જમા કરાવ્યેથી નામદાર હાઈકોર્ટે જામીન મુકત કરેલ હતા. વળી હાલના આરોપી રુ. ૨૦ લાખની રકમ જમા કરાવવા રાજી છે અને નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા રાજી હોય આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે તેમજ પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના જજમેન્ટો રજુ કરેલ છે.

1. Anilbhai Jayantibhai Bhut vs State of Gujarat Cri.Misc.Appli.No.23529/2018
2. Mohsin Salimbhai Qureshi vs State of Gujarat Cri.Misc.Appli.No.91/2022
3. Niraj Jaidev Arya vs State of Gujarat Cri.Misc.Appli.No.23127/2021
4. Irfan Mohamadfirdos Kothi vs State of Gujarat Cri.Misc.Appli.No.18813/2021

૪. આ કામે ફરીયાદપક્ષ તરફે સ્પે. પ્રોસી.શ્રી એ હાજર થઈ રજુઆત કરેલ છે કે, મે.એચ.કે મેટલ્સ તથા મે.બ્લુ સ્ટાર ટ્રેડીગ કં.ની તપાસ કરતા સદર બંને કંપનીના માલિક આરોપીના માતા અને પિતા છે અને આરોપી તે કંપનીના વહીવટ કર્તા છે અને તમામ વ્યવહારો આરોપી જ સંભાળતા હતા. વળી આરોપીના માતાપિતાને અટક કરવામાં આવેલ હતા. પરંતુ આરોપીના માતા સ્ત્રી હોવાથી અને બીમાર હોવાથી તેમજ પિતા બીમાર રહેતા હોવાથી નામદાર હાઈકોર્ટે જામીન મુકત કરેલ હતા. તે ઉપરાંત આરોપી ને વખતોવખત સમન્સ કરવામાં આવેલ હોવા છતાં આરોપી ડીપાર્ટમેન્ટ સમક્ષ હાજર રહેલ ન હોય અને સહકાર પણ આપતા ન હોય તે કારણસર આરોપીને જામીન મુકત કરી શકાય નહી. વળી આરોપીના રીમાન્ડ દરમ્યાન મે.સિવાય ઈન્ડસ્ટ્રીઝના માલિક આરોપીના પિતા હોવાની અને તેઓ કંપનીનો વહીવટ કર્તા હોવાની હકીકત ખુલવા પામેલ હતી. તે ઉપરાંત તપાસ દરમ્યાન એક કન્ટેનર મળી આવેલ જેમાં આરોપીએ કેશથી કરેલ વ્યવહારોની ડાયરીઓ મળી આવેલ હતી. વધુમાં તેઓની રજુઆત છે કે, આરોપીના પિતાના નામે મે. સિવાય ઈન્ડસ્ટ્રીઝ નું રજીસ્ટ્રેશન થયેલ હતું જેમાં કુલ રુ.૨૪૧.૭૫ કરોડ રુપિયા કેન્સલ ડીલરો પાસેથી બીલો મેળવેલ હોવાનું જણાઈ આવે છે જેથી પણ આરોપીને જામીન મુકત કરી શકાય નહી. વધુમાં આ કામે મની ટ્રેલની તપાસ હજુ બાકીમાં છે. તેમજ ઘણા સાહેદોના નિવેદનો લેવાની પ્રક્રિયા ચાલુ છે. તેમજ બેંકના વ્યવહારોની પ્રક્રિયા પણ બાકી છે જેથી તે કારણસર જામીન ન આપવા વિનંતી કરેલ છે. વધુમાં આ કામે ૨૦ બોગસ પેઢીઓની તપાસ થઈ શકેલ છે અને હજુ પણ ૨૦૩ પેઢીઓની તપાસ ચાલુમાં છે તેમજ આરોપી મુંબઈ એરપોર્ટ ઉપરથી પકડાયેલ હતા જે પણ ધ્યાને લેવા વિનંતી કરેલ છે અને જામીન ના મંજુર કરવા અરજ કરેલ છે. તે ઉપરાંત એડીશ્નલ કમિશ્નરને આરોપીને અટક કરવાના પાવર્સ છે અને તે બાબતે તેઓએ R/SPL. CIVIL APPLI. NO.513/2020 Nathalal Maganlal Chauhan vs State of Gujarat નું જજમેન્ટ રજુ કરેલ છે અને નામદાર હાઈકોર્ટે એડીશ્નલ કમિશ્નરશ્રીને પાવર્સ છે તેમ ઠરાવેલ છે. તેમજ તેઓએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના જજમેન્ટો ઉપર આધાર રાખી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

1. LAWS(SC) 2013 5 37 Criminal Appeal No.728/2013 Nimmagadda Prasad Vs Central Bureau of Investigation
2. LAWS(SC) 2019 9 31 Criminal Appeal No.1381/2019 Serious Fraud Investigation Office Vs Nittin Johari.
3. Spl.Civil Application No,13679/2019 Vimal Yashwantgiri Goswami Vs. State of Gujart
4. નામદાર ગુજરાત હાઈકોર્ટનું પરેશ નાથાલાલ ચૌહાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રિ. ૫.અ.નં.૬૨૩૭/૨૦૨૦

**૫.** બંને પક્ષકારોને સાંભળ્યા. અરજી તેમજ એફીડેવીટ ઈન રીપ્લાયની હકીકતો તેમજ પ્રોડકશન પેપર્સ ધ્યાને લીધા. આ કામે આરોપી વિરુધ્ધનો ગુનો ધ્યાને લેવામાં આવે તો ગુજરાત GST કલમ –૧૩૨(૧)(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે. આમ, સમગ્ર પેપર્સનો અભ્યાસ કરવામાં આવે તો આરોપીએ ઘણા મોટા પ્રમાણમાં ખોટી રીતે કરચોરી કરી સરકારી તિજોરી ને નુકશાન કરી ખુબજ મોટો ગુનો કરેલ હોવાનો આક્ષેપ જણાય છે. હવે આ કામે આરોપી તરફે સહ આરોપી તેઓના માતાપિતાને જામીન મુકત કરેલ હોઈ તેઓને પેરીટીનો લાભ આપી જામીન મુકત કરવા વિનંતી કરેલ છે. પરંતુ આ કામે બંને પેઢીઓનો વહીવટકર્તા હાલના આરોપી જ છે. અને ઘંધાની તમામ જવાબદારીઓ તેઓ પોતે સંભાળે છે. આમ હાલનાં આરોપીની સદર ગુનામાં સક્રિય ભુમિકા છે. આમ આરોપીએ સમગ્ર ગુનામાં સક્રિય ભાગ ભજવેલ હોય આ પ્રકારના ગુના ને ગંભીરતાથી મુલવવો જોઈએ. એટલે કે, આરોપી વિરુધ્ધ જે ગુનો છે તે આર્થિક વ્યવસ્થા ને લગતો ગુનો છે અને આવા ગુનાને હળવાશથી લઈ શકાય નહી કારણકે આ પ્રકારનો ગુનો આચરનાર આડકતરી રીતે દેશના અર્થતંત્રને ખોખળુ કરી નાખે તે પકારનું કૃત્ય ગણી શકાય. હવે આ કામે આરોપી તરફે રજુ કરવામાં આવેલ જજમેન્ટો ધ્યાનમાં લેવામાં આવે તો સદર જજમેન્ટોમાં નામદાર હાઈકોર્ટે જે તે વખતે આરોપીઓને જામીન મુકત કરેલ હતા. જેમાં આરોપીઓ ઘણા સમયથી જેલમાં રહેલ હતા તે હકીકત ધ્યાને લઈ આરોપીઓને જામીન

મુકત કરેલ હતા. વળી તે તમામ કેસોની હકીકતો અલગ અલગ હતી જે હકીકતોને ધ્યાનમાં રાખી નામદાર હાઈકોર્ટે જામીનમુકત કરેલ હતા જે હકીકત ધ્યાનમાં લેવી જરુરી છે. આમ સદર જજમેન્ટો તે રીતે આરોપીને હાલના તબકકે મદદકર્તા થતા નથી. તેમજ આરોપી તરફે વધુમાં રજુઆત છે કે, આ કામે એડીશ્નલ કમિશ્નરને સેંકશન આપવાની કોઈ સત્તા રહેલી નથી. પરંતુ આ કામે ફરીયાદપક્ષની રજુઆતો ધ્યાને લેતાં આવી સત્તા કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ, ગુજરાત સરકારના ઓફીસ ઓર્ડરથી એડીશ્નલ કમિશ્નરશ્રી ને આપેલ છે. તેમજ આ બાબતે અગાઉ પણ અત્રેની કોર્ટે આ બાબત નિર્ણિત કરેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે નાથાલાલ ચૌહાણનું જજમેન્ટ ધ્યાનેલેતાં તેમાં આવા પાવર્સ એડીશનલ કમિશ્નરશ્રીને રહેલ છે. જે ધ્યાને લેતાં આરોપીની તકરાર ટકી શકે તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફે આધાર રાખેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનું પરેશ નાથાલાલ ચૌહાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રિ. પ.અ. નં.૬૨૩૭/૨૦૨૦ ના ચુકાદા પ્રમાણે નામદાર ગુજરાત હાઈકોર્ટે આરોપીને હાલના કેસ જેવા કેસમાં આરોપીના જામીન નામંજુર કરેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા ના જજમેન્ટને પણ આ હુકમ કરતા સમયે ધ્યાનમાં લીધેલ છે તે કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો એકબીજા સાથે મળતી આવતી હોય તે સીધી રીતે અત્રે લાગુ પડે છે. વધુમાં Laws(sc)2013 5 37 Nimmagadda Prasad v/s Central Bureau of investigation નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં Socio economic offences એટલે કે આર્થિક પ્રકારના ગુનાઓને જુદી રીતે મુલવવા જોઈએ અને જામીન આપતા સમયે તેને ગંભીરતાથી નિર્ણિત કરવા જોઈએ કારણકે તે દેશની આર્થિક વ્યવસ્થા પર સીધી અસર કરે છે. તેમજ LAWS(SC) 2019 9 31 Serious Fraud Investigation Office Vs Nittin Johari ના જજમેન્ટમાં ઠરાવ્યા અનુસાર પણ આ પ્રકારનો ઈકોનોમીકસ ઓફેન્સને તેની ગંભીરતા ધ્યાને લઈ ત્યારબાદ જામીન અરજીનો નિર્ણય કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટના આ સિધ્ધાંત સાથે હું વિન્રમપણે સંમત થાઉ છું. તે ઉપરાંત ફરીયાદપક્ષ ની રજુઆત અનુસાર આ કામે તપાસ ચાલુ છે અને નાજુક તબકકામાં હોઈ જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો

તપાસને વિપરીત અસર પડી શકે તેમ છે. જે બાબત હાલ ની અરજીનો નિર્ણય કરતાં સમયે ધ્યાને રાખવી જરુરી છે. વળી દેશમાં દીનપ્રતિદીન આ પ્રકારના સ્માર્ટ ગુના વધી રહેલ છે જેથી જો આવા પ્રકારના ગુનાને હળવાશથી લઈ જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની ગંભીર અસર થાય તેમ છે. આમ આ સંજોગો માં ગુનાનો પ્રકાર અને તેમા સંડોવાયેલ કરચોરી ની રકમ તેમજ આરોપીની વર્તણુક વગેરે બાબતો ધ્યાનમાં લેતાં આરોપી તે રીતે જામીન મુકત થવાને હકકદાર બનતા નથી. જેથી ક્રિમી.પ્રો. કોડની કલમ ૪૩૭ મુજબની જોગવાઈઓ મુજબ અદાલતે આરોપીને જામીન મુકત કરતી વખતે વિવેકાધીન સત્તા હાલના કેસમાં વાપરવી ન્યાયોચીત જણાતી ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: **હુકમ** :-

**આરોપી મોહંમદ હસન અસલમ કલીવાલા** FILE NO.DCST/ENF 08/ SURAT/AC-1/HASAN KALLIWALA/58-2021-22 નાઓની જામીન અરજી આથી **નામંજુર (રદ)** કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૬/૦૫/૨૦૨૨
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૩૩